જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ અભિયાન UIDSMT નાના અને મધ્યમ નગરોના માળખાકીય વિકાસ યોજના માટે (સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના) કેન્દ્ર તેમજ રાજય ફાળાની સહાય, ગુજરાત શહેરી વિકાસ મીશન (GUDM) ને હવાલે મુકવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃયુઆઇડી/૧૧૦૮/૮૬૩/ધ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ /૪/૨૦૦૮ 25 APR 2008

**વંચાણે લીધેલઃ-**

(૧) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૦/૧/૨૦૦૬ ના ઠરાવ નંબરઃઅર્બન/૨૦૦૫/૪૮૯/અર્બન મીશન.

(૨) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૦/૧/૨૦૦૬ ના ઠરાવ નંબરઃઅર્બન/૨૦૦૫/૪૮૯/અર્બન મીશન.

(3) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના પરિપત્ર ક્રમાંકઃઅપબ/૧૨૦૮/૮૪૬/બ, તા.૮/૪/૦૭.

**ઠ રા વઃ-**

જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના (JNNURM) કેન્દ્ર સરકાર તરફથી જાહેર કરેલ છે. જેનું અમલીકરણ કરવા ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૧ અને ૨ ના ઠરાવથી રાજય સ્તરે ગુજરાત શહેરી વિકાસ મીશન (GUDM) ની રચના કરવામાં આવેલ છે, તથા માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે ગર્વનીંગ બોડી, સ્ટેટ લેવલ સ્ટેયરીંગ કમિટી તથા એકઝીકયુટીવ કમિટીની રચના પણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારની ગાઇડ લાઇન પ્રમાણે નગરપાલિકાઓને જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ અભિયાન હેઠળ સંકલિત નાના અને મધ્યમ નગરો માટેની માળખારૂપ વિકાસ યોજના કાર્યક્રમ(UIDSMT) નાં પ્રોજેકટસ કેન્દ્ર સરકારને મોકલવામાં આવે છે. મંજૂર થયેલ પ્રોજેકટની ગ્રાન્ટ ચૂકવણી અર્થે વિભાગની બજેટ-શાખાએ સંદર્ભ-૩ નાં પરિપત્રથી રૂ.૫,00,00,000/-(રૂપિયા પાંચ કરોડ પુરા) ફાળવેલ છે. જે નાના અને મધ્યમ નગરો માટેની માળખાકીય વિકાસ યોજના કાર્યક્રમ(UIDSMT) માટે છૂટી કરી ગુજરાત શહેરી વિકાસ મીશન(GUDM) ને હવાલે આથી મૂકવામાં આવે છે. ઉપરોક્ત રૂ.૫/- કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ પૂરા) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના સામે ખર્ચ ગણવાનો રહેશે. આ માટે વિગતવાર આયોજન તૈયાર કરી સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાનું પણ કરાવવામાં આવે છે. સદરહું નાણા જવાહરલાલ રાષ્ટ્રીય નવીનીકરણ અભિયાન હેઠળ સંકલિત નાના અને મધ્યમ નગરો માટેની માળખારૂપ વિકાસ યોજના કાર્યક્રમ(UIDSMT) હેઠળ કેન્દ્ર સરકાર તરફથી ખરેખર ગ્રાન્ટ મળે ત્યાર બાદજ આ ગ્રાન્ટ વાપરવાની રહેશે.

ઉકત ગ્રાન્ટ છૂટી કરતાં બજેટની કુલ જોગવાઇ રૂ.૧૨૦,૦૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એકસો વીસ કરોડ) ની જોગવાઇ કરવામાં આવેલ છે. આ વિભાગની ફાઇલ ક્રમાંક બજટ/૧૦૨૦૦૭/૩૭૫૧/ધ ઉપર નાણા વિભાગની તારીખ ૨/૪/૨૦૦૮ ની નોંધથી વહીવટી મંજૂરી મળેલ છે. જોગવાઇ પૈકી રૂ.૫/- કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ પૂરા) નોડલ એજન્સી જી.યુ.ડી.એમ.ને હવાલે મુકાઇ જશે.

ઉપરોકત રકમો કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓ પ્રમાણે વાપરવાની રહેશે અને વખતોવખત વપરાશી પ્રમાણપત્રો તેમજ નાણાકીય અને ભૌતિક ત્રિમાસિક પ્રગતિ અહેવાલ કેન્દ્ર સરકારને તેમજ રાજય સરકારને મોકલવાના રહેશે.

આ અંગેનું બિલ આ વિભાગના રોકડ શાખા દ્વારા બોમ્બે ટ્રેઝરી રૂલ્સ પ્રમાણે બિલ બનાવી તેમાં આ ઠરાવના નંબર અને તારીખ ટાંકી નાયબ સચિવશ્રી(પ્રો.) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પ્રતિ હસ્તાક્ષર મેળવી તિજોરીમાંથી અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ

મીશન, ગાંધીનગરના નામનો ચેક મેળવી, અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરને મોકલવાની કાર્યવાહી કરવાની રહેશે. આ કામગીરીમાં વિભાગની રોકડ શાખાને બિલ મંજૂર થઇ ચેક મળે ત્યાં સુધી ટ્રેઝરી સાથે પરામર્શમાં મદદરૂપ થવા માટે અર્બન મીશનના અધિકારીશ્રી, ગાંધીનગરે પણ કાર્યવાહી કરવાની રહેશે.

સદરહુ રકમ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશને નાણાં વિભાગની સૂચનાઓ મુજબ જી.એસ.એફ.એસ.માં રાખીને અને નાણાં વિભાગની સૂચનાઓ મુજબ સંબંધિત મહાનગરપાલિકાઓને બેન્ક એકાઉન્ટ નંબરની વિગતો સાથે એકાઉન્ટ પેઇ ચેકથી ચૂકવણું કરવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ ૨૦૦૮-૦૯ ના વર્ષની મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૧૦૨
મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ-03 નાના અને મધ્યમ નગરોનો સંકલિત વિકાસ.
(૧૯૧) સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસતંત્રો, નગર સુધારણા બોર્ડ વિગેરેને સહાય.
(૪૦)-યુડીપી-(૧૮) નાના અને મધ્યમ નગરો માટેની માળખારૂપ વિકાસ યોજના(આયોજન)
(સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના)
ચાર્જેબલ હેડઃ૨૨૧૭-03-૧૯૧-૩૮૭
કોમ્પ્યુટર કોડ નંબરઃ ૫૧૭૩૨૭

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.સી.વિનોદ )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,

૧. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી,
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી
૩. માન.મંત્રીશ્રીઓ(તમામ) સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપ સચિવશ્રી,(રોકડ) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ત્રણ નકલ)
૫. અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર.
૬. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
૭. ઓડીટર જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૮. નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૯. સેકશન અધિકારીશ્રી, બજેટ-શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.